# યુઝર એક્સપિરિયન્સ ડિઝાઈનર (યુ.એક્સ. ડિઝાઈનર)

ડિજિટલ વિશ્વમાં, યુ.એક્સ એ દરેક બાબતનો સંદર્ભ આપે છે જે વપરાશકર્તાની ડિજિટલ પ્રોડક્ટ સાથેની ક્રિયા-પ્રતિક્રિયાને અસર કરે છે. તેથી, એક યુ.એક્સ ડિઝાઈનર તરીકે તમે એ સુનિશ્ચિત કરશો કે વેબસાઇટ અથવા એપ્લિકેશન અથવા ડિજિટલ સેવાનો ઉપયોગ કરતા વ્યક્તિઓ માટે 'યુઝર એક્સપિરિયન્સ' (વપરાશકર્તાને મળતો અનુભવ) શક્ય તેટલો સરળ હોય.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક વલણ ધરાવો છો
- તમે અન્ય લોકો સાથે સહજતાથી વાતચીત કરી શકો છો
- તમને પ્રયોગો કરવા ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૬,૬૩૦ થી ૫,૨૮,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ** - તમે એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ પસંદ કરી શકો છો જેમ કે ઇન્ડસઇન્ડ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ, બાબા ગુરબચન સિંઘ શિષ્યવૃત્તિ યોજના, સેમસંગ સ્ટાર સ્કોલર પ્રોગ્રામ ૨૦૨૨, શિષ્યવૃત્તિ માટેની કેન્દ્રીય ક્ષેત્ર યોજના, જે.એસ.પી.એન. શિષ્યવૃત્તિ ૨૦૨૨ વગેરે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. યુઝર એક્સપિરિયન્સ ડિઝાઇન/કમ્પ્યુટર સાયન્સ અથવા એન્જિનિયરીંગમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, એ જ ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

યુ.એક્સ. ડિઝાઇનમાં પ્રમાણપત્ર/ડિપ્લોમા કોર્સ કરો.

પ્રવેશ માટે, તમારે JEE Main & Advance, GUJCET જેવી પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી પડશે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

યુઝર એક્સપિરિયન્સ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૧,૦૦૦ થી ૧,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: http://www.payscale.com/rsearch/IN/Job_x0003_=UX_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કોઈપણ કંપની, જે એપ્લિકેશન, સોફ્ટવેર અથવા ડિજિટલ પ્રોડક્ટ ઉપલબ્ધ કરાવે છે તેને યુ.એક્સ. ડિઝાઈનરની જરૂર છે. ઉદાહરણ તરીકે બહુરાષ્ટ્રીય કોર્પોરેશન, ડિજિટલ કોમ્યુનિકેશન્સ ટેક્નોલોજી કંપનીઓ, સોફ્ટવેર કંપનીઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે ઓફિસ અથવા સ્ટુડિયોમાં કામ કરવું પડશે અને નિશ્ચિત સમયમર્યાદામાં કામગીરી પૂરી કરવી પડશે. તમારે બહુવિધ લોકો સાથે વાતચીત કરવાની તેમજ એકસાથે અનેકવિધ પ્રોજેક્ટ્સ પર કામ કરવાની, તેને સંભાળવાની જરૂર પડી શકે છે. કામના કલાકો અનિયમિત હોય શકે છે અને તમારે વધુ સમય સુધી કામ કરવું પડી શકે છે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે એક યુ.એક્સ ડિઝાઈનર તરીકે, સ્વતંત્ર રીતે પણ સેવાઓ આપી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

યુ.એક્સ. ડિઝાઈનર → સિનિયર યુ.એક્સ. ડિઝાઈનર → લીડ યુ.એક્સ. ડિઝાઈનર અથવા મુખ્ય યુ.એક્સ. ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિઝાઈનર જોબ, પ્રોડક્ટ ડિઝાઈનર જોબ્સ, યુઝર એક્સપિરિયન્સ ડિઝાઈનર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.ડી.સી. સ્કૂલ ઑફ ડિઝાઈન, આઈ.આઈ.ટી., મુંબઈ
૨. ડિઝાઈન વિભાગ, આઈ.આઈ.ટી., ગૌહાટી
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી.), અમદાવાદ
૪. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી.), ગાંધીનગર
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી.), બેંગલુરુ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન (એન.આઈ.ડી.), કુરુક્ષેત્ર
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી.), જોરહાટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી
૨. યુ.આઈ.ડી., કર્ણાવતી યુનિવર્સિટી, ગુજરાત
૩. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૪. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, પુણે
૫. એમ.આઈ.ટી. ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, પુણે
૬. એપીજય ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, નવી દિલ્હી
૭. સુશાંત સ્કૂલ ઓફ ડિઝાઈન, અંસલ યુનિવર્સિટી, હરિયાણા
૮. યુ.પી.ઈ.એસ. સ્કૂલ ઑફ ડિઝાઈન, દેહરાદૂન

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc21_ar05/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

